Vol. 05, Issue 01, January to March, 2023
ISSN (Online) No. 2582 – 046X
ANSH – JOURNAL OF HISTORY
A Peer Reviewed International Refereed Online Journal of History Subject
View More Info… https://ansh.ichrc.co.in/ Email : ansh.history@gmail.com

# ગુજરાતના મુસ્લિમ સમાજના શિક્ષણમાં પ્રદાન આપનાર અગ્રગણ્ય શિક્ષણવિદો

ડૉ. બુરહાના.બી.મલેક – ઈતિહાસ, Email : burhanamalek01@gmail.com

**ટૂંકસાર**

સર સૈયદ અહેમદ એ જે કાર્ય અલીગઢ, ઉત્તર પ્રદેશમાં મુસ્લિમમોના શિક્ષણ માટે કર્યું તેવી રીતે ગુજરાતમાં મુસ્લિમોના શિક્ષણ માટે કાર્ય કરનાર વ્યક્તિવિશેષ વિશે માહિતી આપવાનો આ પેપરનો ઉદેશ્ય છે.અલીગઢની એંગ્લો ઓરીએન્ટલ કોલેજ પાછળ જેમ સર સૈયદ અહેમદનો ફાળો હતો તેમ અમદાવાદની અંજુમન એ ઇસ્લામ પાછળ સૈયદ અબ્દુલ કાદર બાવામિયાં સાહેબનો ફાળો હતો.તે બિન સાંપ્રદાયિકતામાં માનતા હતા.તે માનતા હતા કે બધા ધર્મોના સદ્દગૃહસ્તોના સાથ સહકારથી જ તેમના પોતાના સમાજનો વિકાસ થશે.આગળ ધી સુરત ડિસ્ટ્રીક્ટ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટીસ સાથે સંકળાયેલા વિવિધ સભ્યો કે જેમણે સુરત અને આસપાસના વિસ્તારના મુસ્લિમોના શિક્ષણ માટે કાર્ય કર્યા તેમનો ટૂંકો પરિચય આપ્યું છે જેમાં સૈયદ હમીમુદ્દીન સુરતી જમાદાર સાહેબ કે જે સુરતના સર સૈયદ અહેમદ તરીકે જાણીતા છે તેમણે મુસ્લિમોમાં કેળવણીની જરૂરિયાત જાણીને ‘ધી સુરત ડિસ્ટ્રીક્ટ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી’ ની સ્થાપના કરી તેમના વિશે તેમજ આ સંસ્થા સાથે જોડાયેલ સૈયદ ઝહિરુદ્દીન, અઝીમુદ્દીન ફખરુદ્દીન સૈયદ ઉર્ફે ‘મુનાદી’ સાહેબ કે જેમણે પ્રજાને દેશ વિદેશના વર્તમાન પ્રવાહોથી માહિતગાર કરવા ‘મુસ્લિમ ગુજરાત’ નામે સમાચાર પત્ર ચાલુ કર્યું હતું તેમનો પરિચય આપેલ છે. ત્યારબાદ વજીર બહાઉદ્દીન (૧૮૩૫-૧૯૧૪) કે જે જુનાગઢના પ્રથમ અને એક માત્ર વજીર હતા તેમણે મુસલમાન છોકરાઓની કેળવણી માટે ઘણા પગલા લીધા. તેમણે મહાબત મદ્રેસા અને બહાઉદ્દીન કોલેજની સ્થાપનામાં અગત્યનો ફાળો આપ્યો હતો. ઉપરાંત મુંબઈ અને અમદાવાદની અંજુમન એ ઈસ્લામને તેમણે ઘણું દાન આપ્યું હતું. રસુલ મુસા સિંધી (૧૮૯૫-૧૯૯૨) કે જેમણે પંચમહાલમાં મુસ્લિમોના શિક્ષણ માટે કાર્ય કર્યું હતું. તતત્કાલીન સમાજના લોકોએ તેમને અંગ્રેજોના એજન્ટ અને યહુદીઓના રસ્તે ચાલનાર ગણી તેમનું ઘણું અપમાન કર્યું હતું છતાય તેમણે પોતાના સમાજના શિક્ષણ માટે પ્રયત્નો ચાલુ રાખ્યા હતા. આ બધા વ્યક્તિવિશેષ ના શૈક્ષણિક કાર્યની ચર્ચા કરેલ છે.

Vol. 05, Issue 01, January to March, 2023
ISSN (Online) No. 2582 – 046X
ANSH – JOURNAL OF HISTORY
A Peer Reviewed International Refereed Online Journal of History Subject
View More Info... https://ansh.ichrc.co.in/ Email : ansh.history@gmail.com

કી-વર્ડ: શિક્ષણ, શિક્ષણવિદો, મુસ્લિમ સમાજ, ગુજરાતી મુસ્લિમ પ્રજા

---

## પ્રસ્તાવના :

જેટલી આ દેશની સંસ્કૃતિ પ્રાચીન છે એટલો જ આ દેશના શિક્ષણનો ઈતિહાસ પુરાતન છે. ભારતના દરેક જ્ઞાતિ અને સમુદાયને પોતાનો આગવો શૈક્ષણિક ઈતિહાસ છે. કોઈપણ સમાજની વર્તમાન સમસ્યાઓનો ઉકેલ તેના ઈતિહાસમાં છુપાયેલો છે. આ વાત મુસ્લિમ સમાજને પણ લાગુ પડે છે. સફીક ઉઝ ઝમાનએ પોતાના પુસ્તક "Problems of Minorities Education in India" માં જણાવ્યું છે કે, મુસ્લિમ સમાજની વર્તમાન સ્થિતિ અને શિક્ષણ વિશે સમજવા માટે બે બાબતો અગત્યની છે. (૧) મુસ્લિમ જે ધર્મનું પાલન કરે છે તે ઇસ્લામ ધર્મમાં શિક્ષણનું મહત્વ અને હેતુઓ અને (૨) ભૂતકાળનાં મુસ્લિમ સમાજમાં શિક્ષણ વ્યવસ્થા. ભારતના સૌથી મોટા લઘુમતી સમુદાય એવા મુસ્લિમ સમાજને પણ પોતાનો આગવો શૈક્ષણિક ઈતિહાસ છે, અત્રે અહી ગુજરાતના મુસ્લિમ સમુદાયના શિક્ષણમાં પ્રદાન આપનાર વ્યક્તિઓ ની માહિતી આપવાનો ઉપક્રમ રહેલો છે.

જયારે પણ ભારતના મુસ્લિમ સમાજના શિક્ષણની ચર્ચા કરીએ ત્યારે સર સૈયદ અહમદનો ઉલ્લેખ કરવો જરૂરી બને છે. સર સૈયદ અહેમદએ અંગ્રેજી શિક્ષણ દ્વારા પ્રાપ્ત પાશ્ચાત્ય જ્ઞાનને મુસ્લિમોના બધા જ પ્રકારના વિકાસના પાયા તરીકે ગણાવ્યું હતું.પોતાના આ વિચારોના અમલ માટે તેમણે કેટલાક વ્યવહારુ કદમ ઉઠાવ્યા હતા.ઈ.સ. ૧૮૬૪માં તેમણે ગાઝીપુર મુકામે એક અંગ્રેજી શાળાની શરૂઆત કરી હતી. નવા પ્રકારના શિક્ષણ માટે તેમણે ભરેલું આ પગલું એ મુસ્લિમોમાં આધુનિક શિક્ષણ માટે  પ્રથમ સોપાન સમાન હતું. ઓક્સફર્ડ અને કેમ્બ્રિજના ધોરણે મુસ્લિમો માટે શૈક્ષણિક સંસ્થા સ્થાપવાનો વિચાર તેમને આવ્યું હતું અને આગળ જઈ તેમણે ઈ.સ.૧૮૭૭માં મોહમેડન એંગ્લો- ઓરીએન્ટલ કોલેજની સ્થાપના કરી પોતાના વિચારને મૂર્તિમંત કર્યું હતું. સર સૈયદ અહેમદે જે કાર્ય અલીગઢ અને ઉત્તરપ્રદેશમાં મુસ્લિમોના આધુનિક શિક્ષણ માટે કર્યું હતું તેવું કાર્ય ગુજરાતમાં પણ ઘણા વ્યક્તિઓએ ગુજરાતના મુસ્લિમ સમાજમાં આધુનિક કેળવણી ના પ્રસાર માટે કર્યું હતું. પસ્તુત પેપરમાં ગુજરાતના તેવા વ્યક્તિઓની માહિતી આપી છે.

Vol. 05, Issue 01, January to March, 2023
ISSN (Online) No. 2582 – 046X
ANSH – JOURNAL OF HISTORY
A Peer Reviewed International Refereed Online Journal of History Subject
View More Info… https://ansh.ichrc.co.in/ Email : ansh.history@gmail.com

## સૈયદ અબ્દુલ કાદર બાવામિયાં:

અલીગઢની એંગ્લો ઓરીએન્ટલ કોલેજ પાછળ જેમ સર સૈયદ અહેમદનો ફાળો હતો તેમ અમદાવાદની અંજુમન એ ઇસ્લામ પાછળ સૈયદ અબ્દુલ કાદર બાવામિયાં સાહેબનો ફાળો હતો..તેમણે આ સંસ્થાની સ્થાપના ક્યાં સંજોગોમાં કરી તે વિશે તેમજ તેમના જીવન વિશે વધુ માહિતી ઉપલબ્ધ નથી સંસ્થાના કાર્યવાહક નોંધ માંથી માત્ર તેમના અવસાનનો ઉલ્લેખ મળે છે. તેમણે આપેલ અંજુમન એ ઇસ્લામના હેતુઓ તેમજ અંજુમન માટે કરેલ કાર્ય પરથી તેમના વિશે થોડું ઘણું જાણી શકાય છે જે નીચે મુજબ છે.

અંજુમન એ ઇસ્લામ સંસ્થાના હેતુઓ પરથી બાવામિયાં સાહેબ વિશે કહી શકાય કે, તે બિન સાંપ્રદાયિકતામાં માનતા હતા.તે માનતા હતા કે બધા ધર્મોના સદગૃહસ્તોના સાથ સહકાર થી જ તેમના પોતાના સમાજનો વિકાસ થશે. માટે જ તેમણે અંજુમન એ ઇસ્લામની સ્થાપના માટે વિચાર કરવા જે સભા તેમના ઘરે બોલાવી હતી તેમાં સર્વ કોમના સદગૃહસ્તોને આમંત્રિત કર્યા હતા.સર સૈયદની જેમ તે પણ માનતા હતા કે મુસલમાનોને ઉન્નત સ્થિતિએ લાવવું હશે તો તેમનામાં પણ શિક્ષણનું સિંચન કરવું પડશે.સર સૈયદ અહેમદે જેમ અલીગઢ સંસ્થાનો વિકાસ કરવા અંગ્રેજોનો સહકાર મેળવ્યો હતો, તેમ બાવામિયાં સાહેબ પણ માનતા હતા કે,તેમની સંસ્થાનો વિકાસ અંગ્રેજોના સક્રિય સાથ સહકાર વગર અશક્ય છે.અને તે માટે જ તેમણે અંજુમન એ ઇસ્લામની પ્રથમ મીટીંગમાં પ્રમુખના હોદ્દાની વરણીમાં જી.બી.રીડ નું નામ સૂચવ્યું હતું. તે માનતા હતા કે મુસલમાનોની દુર્દશા માટે કેળવણી પ્રત્યેનો અણગમો જ જવાબદાર છે. તે જાણતા હતા કે મુસલમાનો તે સમયે પ્રભુત્વ ધરાવતી અંગ્રેજી ભાષાની ઉપર પકડ જમાવશે તો જ તેમને ઉચ્ચ નોકરીઓ મળશે માટે જ તેમણે હમેશા મુસ્લિમોને અંગ્રેજી ભાષા તરફની સૂગ છોડી દેવા સમજાવ્યું હતું.અંજુમન દ્વારા શરુ કરવામાં આવેલ અંગ્રેજી શાળામાં પણ સૌથી મહત્વનો ફાળો તેમનો જ હતો. જ્ઞાનના પ્રસારમાં અને વિચારોની ખીલવણી કરવા માટે પુસ્તકો, સામયિકો બહુ અગત્યના છે તેમ માનતા હતા માટે જ તેમણે વગર ભાડે પોતાની અંગત જગ્યા પુસ્તકાલય શરુ કરવા આપી હતી. અંજુમન એ ઇસ્લામના ૮ ઓક્ટોબર ૧૮૯૨ની સભામાં તેમના અકાળ અવસાનની નોંધ લેવામાં આવી હતી.

## વજીર બહાઉદ્દીન (ઈ.સ.૧૮૩૫-ઈ.સ.૧૯૧૪)

વજીર બહાઉદ્દીનનાં નામે જાણીતા શેખ મહમદ બહાઉદ્દીનભાઈ હાસમભાઈનો જન્મ ઈ.સ.૧૮૩૫માં જુનાગઢમાં એક સુન્ની મુસલમાન કુટુંબમાં પિતા હાસમભાઈ અને માતા મોટીબાને ત્યાં થયો હતો. બહાઉદ્દીનભાઈએ સામાન્ય એવી કેળવણી લીધી હતી અને તેઓ થોડુઘણું ગુજરાતી અને ઉર્દુ જાણતા હતા. તેમનાં બહેન લાડલીબીબીના લગ્ન નવાબ મહાબતખાનજી બીજા સાથે કરવામાં આવ્યા હતા. નવાબ મહાબતખાનજી બીજાના શાસન દરમિયાન વજીર પદની રચના કરવામાં આવી હતી અને સૌપ્રથમ વજીર તરીકે બહાઉદ્દીનભાઈની નિમણુંક થઇ હતી. તેમણે મહાબતખાનજી બીજા, બહાદુરખાનજી ત્રીજા અને નવાબ રસુલખાનજીના શાસનમાં વજીરનું પદ ભોગવ્યું હતું. જો કે બહાઉદ્દીનભાઈ પછી આ વજીરનું પદ ચાલુ રાખવામાં આવ્યું ન હતું., જુનાગઢના વજીર તરીકે પહેલા અને છેલ્લા એક માત્ર બહાઉદ્દીનભાઈ હતા.

બહાઉદ્દીનભાઈ સાહિત્યપ્રેમી અને કલાપ્રેમી હતા, દુર્લભ અપ્રાપ્ત કલા કારીગરીવાળા નમુનાઓ ખરીદીને રાખતા અને સાહિત્યકારો, કલાકારો, લેખકોને પ્રોત્સાહિત કરનાર હતા. તેમના અનુદાનથી ઘણા પુસ્તકો પ્રકાશિત થયા હતા. બહાદીનભાઈએ મુસ્લિમ વિદ્યાર્થીઓ માટે ઘણી સગવડતાઓ કરી આપી હતી. મુસલમાન છોકરાઓની કેળવણી માટે અનુદાન આપી મહાબત મદ્રેસાની સ્થાપનામાં પણ તેમનું મહત્વપૂર્ણ યોગદાન હતું. અમદાવાદની અંજુમનએ ઇસ્લામ, મુંબઈની અંજુમન ઇસ્લામમાં પણ તેમણે ખૂબ દાન આપ્યું હતું. તેમજ વિદેશમાં કેળવણી માટે જનારને પણ સ્કોલરશીપ આપતા હતા. તેમણે પોતાના બનેવી અને જુનાગઢના નવાબ મહાબતખાનજી બીજાની યાદગીરીમાં મુંબઈ યુનિવર્સિટીમાં મહાબતખાનજી સ્કોલરશીપ આપવા માટે રૂપિયા ૩૦,૦૦૦ આપ્યા હતા.

બહાઉદ્દીન કૉલેજના ખાત મુર્હત વખતે નવાબ રસુલ ખાનજીની આજ્ઞાથી સાહેબજાદા આદિલખાનજીએ જે ભાષણ આપ્યું હતું તેમાં પણ બહાઉદ્દીનભાઈના વિદ્યાપ્રેમ વિશે જાણી શકાય છે તે ભાષણના મુખ્ય અંશ આ મુજબ છે.

"......આવી પાઠશાળાની ખોટ જુનાગઢમાં લાંબા સમયથી જણાતી આવી છે....જળની જેમ વિદ્યા પણ પ્રજાના દ્વાર પાસે લાવવી ઉચિત છે.....વઝીર બહાઉદ્દીનભાઈ મૂળથી જ કેળવણીના ઉદાર મિત્ર સિદ્ધ થયેલા છે.મુસલમાન વર્ગને કેળવણી આપવાના કામમાં સત્તાવાળા તથા વર્ગવાળાઓના આશ્રયની ઘણી જ જરૂર રહેલી છે.......એમના વ્હાલા,અને પહેલા ખુદાવંદ અને

Vol. 05, Issue 01, January to March, 2023
ISSN (Online) No. 2582 – 046X
ANSH – JOURNAL OF HISTORY
A Peer Reviewed International Refereed Online Journal of History Subject
View More Info... https://ansh.ichrc.co.in/ Email : ansh.history@gmail.com

બનેવી અને મારા માનવંતા પિતા મહોબતખાજીના માનની ખાતર એમણે મહાબત ફેલોશીપ મુંબઈની યુનિવર્સિટીમાં સ્થાપવા માટે ૩૦,૦૦૦ રૂપિયાની ઉદાર બક્ષીસ આપેલી છે......"

વજીર બહાઉદ્દીનની કામગીરીની કદરરૂપે નવાબ બહાદુરખાનજીએ તેમને "મદરુલ મહામ" ખિતાબ આપ્યો હતો. એટલુ જ નહી ઇંગ્લેન્ડની મહારાણી તરફથી લોર્ડ હેરીસએ રાજકોટ મુકામે દરબાર ભરી ૧૮૯૩મા કમ્પેનિયન ઓફ ધ ઇન્ડીયન એમ્પાયર (C.I.E.) નો ખિતાબ આપ્યો હતો. આમ, આજીવન શિક્ષણના ભેખધારી એવા વજીર બહાઉદ્દીનભાઈનું અવસાન ૧૪ જુલાઈ ૧૯૧૪ માં થયું હતું.

## રસુલ મુસા સિંધી (ઈ.સ.૧૮૯૫-૧૯૯૨)

રસુલ મુસા સિંધીનો જન્મ ૧૮૯૫માં ગોધરામાં થયો હતો. તેમનો પરિવાર મૂળ ગોધરાનો જ હતો. તેમણે બાળપણમાં દીની તાલીમ લીધી હતી અને ધોરણ ૨ સુધીનો અભ્યાસ કર્યો હતો સાથે જ કોન્ટ્રાક્ટરને ત્યાં કામે પણ જતા હતા. અંગ્રેજો સાથેનાં સંપર્કમાં આવવાથી વિદ્યાના મહત્વને સમજીને તેમણે પણ ગુજરાતી, અંગ્રેજી શીખવાનું શરૂ કર્યું હતું. તેઓ દિવસે કામે જતા અને રાત્રી દરમિયાન મુનશી બદાબ પાસે ગુજરાતી અને અંગ્રેજી શીખતા. સમયાંતરે કામમાં નિપુણતા પ્રાપ્ત થઇ અને અંગ્રેજ અધિકારીઓ સાથે સંપર્ક પણ ગાઢ થયા હતાં.

તે સમયે ગોધરામાં એક મહેતાની પ્રાઈવેટ શાળા હતી અને બીજી સરકારી અંગ્રેજી શાળા એમ બે જ શાળા હતી. ઈ.સ.૧૯૪૨માં ચાર મુસ્લિમ વિધાર્થીઓને અમુક કારણોસર આ બંને શાળામાં પ્રવેશ અપાયો નહિ, જો કે તે માટેના કારણોની માહિતી પ્રાપ્ય નથી. પરંતુ અહીંથી જ રસુલ મુસા સિંધીને પંચમહાલના ગોધરામાં મુસ્લિમો માટે શૈક્ષણિક સંસ્થા સ્થાપવાનો વિચાર આવ્યો. તેમણે પોતાના મિત્રો અબ્દુલમિયાં મુનશી, મહેમુદમિયાં કાઝી સમક્ષ કોઈ સંસ્થાની સ્થાપના કરવાનો પોતાનો વિચાર રજુ કર્યો. પરિણામ સ્વરૂપે ઈ.સ.૧૯૪૪માં પંચમહાલ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના થઇ. રસુલ મુસા સીંધી દેશપ્રેમી હતા તેઓ ૧૯૪૨ની લડતમાં પણ સક્રિય જોડાયા હતાં. તેઓ ધાર્મિક રીતે સહિષ્ણુ હતા અને શાળામાં મુસ્લિમ શિક્ષક જેટલા જ બિનમુસ્લિમ શિક્ષકો પણ હોય તે માટે હંમેશા પ્રયત્ન કરતા હતા.

રસૂલ મુસા સિંધી અંગ્રેજોના સમય દરમિયાન પુરવઠા સલાહકાર સમિતિ અને રેડક્રોસ સોસાયટીના સભ્ય હતા. અંગ્રેજોએ તેમને "ઓનરલી મેજીસ્ટ્રેટ" નો ખિતાબ પણ આપ્યો હતો.

અંગ્રેજો સાથેનો ઘરોબો, સંપર્ક અને કેળવણી માટે પ્રયત્નો કરતા હોવાથી તેમના જ સમાજના ઘણા લોકો તેમને અંગ્રેજોના એજન્ટ અને યહુદીઓના રસ્તે ચાલનાર વ્યક્તિ ગણાવી તેમનું અપમાન કરતા હતા જો કે તેમણે આ બધી બાબતો પર ધ્યાન ન આપતાં કેળવણી માટેનું કાર્ય ચાલુ રાખ્યું હતું. તેઓ ૧૯૪૪ થી ૧૯૯૨ સુધી પંચમહાલ એજ્યુકેશન સોસાયટીના ઉપપ્રમુખ રહ્યા હતા. આમ, અંગ્રેજો સાથે સબંધો પ્રસ્થાપિત કરી મુસ્લિમ સમાજના શિક્ષણ માટે પ્રયત્નો કરનાર રસુલ મુસા સિંધી ૧૯૯૨માં મૃત્યુ પામ્યા હતાં.

## સૈયદ હમીદુદ્દીન સુરતી જમાદાર સાહબ

તેઓ ધી સુરત ડિસ્ટ્રીકટ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટીના સ્થાપક અને શહેર સુરતનાં સર સૈયદ અહમદ તરીકે પ્રખ્યાત હતા. તે સમયથી આગળ વિચારવંત પુરુષ હતા.સૈયદ હમીદુદ્દીન સુરતી જમાદાર તેઓએ મુસ્લિમ સમુદાયને વર્ષો પહેલાં ફલાહ-બેહબુદીનો વિચાર કરીને તેમને તાલીમનાં ક્ષેત્રમાં મુસ્લિમોને આગળ લાવવાં માટે પોતાના સમકાલીન મદદગારોની સહાયથી સોસાયટીની સ્થાપના કરી હતી. શરૂઆતનાં કપરા સમયમાં તેનું જતન કરી અને તેની સારી એવી માવજત કરી હતી જેનાં સારા ફળ આજે સમગ્ર સમુદાય પામી રહ્યો છે.

## અઝીમુદ્દીન ફખરુદ્દીન સૈયદ ઉર્ફે ‘મુનાદી’ (ઈ.સ.૧૮૯૨-ઈ.સ.૧૯૭૨)

સુરત ડીસ્ટ્રીકટ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટીના સ્થાપકમાનાં એક અઝીમુદ્દીન ફખરુદ્દીન સૈયદ ઉર્ફે ‘મુનાદી’ નો જન્મ ૭ ડીસેમ્બર ૧૮૯૨ના રોજ થયો હતો. તેમના પિતા સુરતના પ્રખ્યાત ઈમામસાહેબ રૂપે પ્રસિદ્ધ હતા. તેમણે મુંબઈની સેંટ ઝેવિયર્સ કોલેજમાંથી ઇન્ટર સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. તેમણે ‘મુસ્લિમ ગુજરાત’ નામે સમાચાર પત્ર ચાલુ કર્યું હતું, જેમાં દેશ વિદેશના સમાચાર, ક્રાંતિઓ વિશે તે લખતા. આ સમાચાર પત્ર ૩૬ વર્ષ સુધી ચાલ્યું હતું. તે સમયના વૈશ્વિક સ્તરનાં આગેવાનો સાથે તેમને ગાઢ સંબંધો હતા અને તેમનાથી તેમને મુસ્લિમ શૈક્ષણિક સંસ્થાઓ માટે આર્થિક મદદ પણ મળતી રહેતી હતી. જેમ કે સઉદી અરબના બાદશાહ સઉદ અ.અઝીઝ હિન્દ પધાર્યા હતા ત્યારે ‘મુનાદી’ સાહેબે પોતાના સંપર્કો દ્વારા તેમની મુલાકાત લઇને માતબર દાન સંસ્થા માટે મેળવ્યું હતું.

ભાષા અને સાહિત્ય ઉપર એમનું પ્રભુત્વ સારું હતું. તેઓ ઉર્દુ, ફારસી, અંગ્રેજી અને ગુજરાતી ભાષાના જાણકાર હતા. તે વખતના મહાન શાયર ડૉ.અલ્લામાં ઇકબાલ સાહેબે પોતાના દરેક

કલામનું તેમને પૂછ્યા વગર ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ કરવાની પરવાનગી 'મુનાદી' સાહેબને આપી હતી. તેઓ આઝાદી પ્રવૃત્તિના કાર્યકરો મૌલાના મહોમ્મદ અલી, મૌલાના શૌકત અલી, ડૉ.ઝાકીર હુસેન સાથે પણ સંબધો ધરાવતાં હતા. ૭ મે ૧૯૭૨ના રોજ તેઓ મૃત્યુ પામ્યા હતા.

## ડૉ. સૈયદ ઝહિરુદ્દીન હમીદુદ્દીન મદની

સૈયદ ઝહિરુદ્દીનનો જન્મ સુરત શહેરના સર સૈયદ અહમદખાન તરીકે ઓળખાતા એવા સૈયદ હમીદુદ્દીન સુરતી જમાદાર સાહેબના પરિવારમાં થયો હતો. તે સુરતના પ્રથમ વ્યક્તિ હતા કે જેમણે મુંબઈ યુનિવર્સિટીમાંથી ઉર્દુના વિષય સાથે બી.એ., એમ.એ. અને પીએચ.ડીની ડીગ્રીઓ મેળવી હતી. ઈ.સ.૧૯૪૮માં તેમણે યુનિવર્સિટી ઓફ બોમ્બેથી ગુજરાતના ઉર્દુ કવિઓ-શાયરો પર સંશોધન કાર્ય કરીને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હતી. તેમણે ૧૯૪૨ થી ૧૯૪૮ દરમિયાન અમદાવાદની ગવર્મેન્ટ કોલેજમાં ઉર્દુ વિષયના અધ્યાપક તરીકે પણ કામ કર્યું હતું. આ સિવાય જોગેશ્વરી-મુંબઈની ગવર્મેન્ટ ઈસ્માઈલ યુસુફ કોલેજમાં પણ અધ્યાપક તરીકે સેવા આપી હતી અને આ કોલેજમાં 'બઝ્મે ઇશાઅત' ના નામથી પ્રકાશન સંસ્થા પણ શરુ કરી હતી.

૧૯૪૯-૧૯૬૩ દરમ્યાન તેઓ મુંબઈ યુનિવર્સિટીની કોલેજમાં ઉર્દુના પ્રોફેસર અને હેડ ઓફ સ્ટડીઝ ઉર્દુના સભ્ય હતા. ૧૯૭૧-૭૫ દરમ્યાન તેઓ મુંબઈની ઉર્દુ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટનાં ડાયરેક્ટર હતા. ૧૯૭૬-૧૯૭૭ દરમિયાન બુરહાનપુરની તીબ્બીયા કોલેજના સુપ્રિડેન્ટ હતા. ઉપરાંત મહારાષ્ટ્ર રાજ્ય અને ગુજરાત રાજ્યની સરકારી પુસ્તક સમિતિમા નિષ્ણાંત તરીકે પણ સેવા આપી હતી. તેમણે સુરતમાં અંજુમન તરક્કીએ ઉર્દુ સંસ્થા તરફથી પ્રાથમિક શાળા શરુ કરી હતી. તેમણે અનેક પુસ્તકો અને લેખો લખ્યા છે જેમાંના ૬૦ કરતા વધારે સાહિત્યિક અને ઐતિહાસિક લેખો જાણીતાં મેગેઝીનમાં પ્રસિદ્ધ થયા છે.

### સંદર્ભ :

- ઝહીર મોહંમદ શેખ, "અમદાવાદ શહેરમાં મુસ્લિમ સંસ્થાઓની સ્થાપના અને તેમનું સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે પ્રદાન (ઈ.સ.૧૯૧૫-૧૯૭૦)", પીએચ.ડી.મહાશોધનિબંધ , ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદ, ૨૦૦૧
- પ્રદ્યુમન ખાચર, સોરઠની વિદ્યાપીઠ, બહાઉદ્દીન કોલેજ, જૂનાગઢ, ૨૦૦૨

Vol. 05, Issue 01, January to March, 2023
ISSN (Online) No. 2582 – 046X
ANSH – JOURNAL OF HISTORY
A Peer Reviewed International Refereed Online Journal of History Subject
View More Info… https://ansh.ichrc.co.in/ Email : ansh.history@gmail.com


- બુદ્ધિપ્રકાશ, પુસ્તક-૪૦, ડિસેમ્બર-૧૮૯૩, પૃ.૨૫૬-૨૬૮
- મકરંદ મહેતા, અબ્દુલ કાદર કાસમભાઈ મેતર, 'હિંદુ મુસ્લિમ એકતાના પ્રતિકરૂપ અમદાવાદની પ્રતિષ્ઠિત સંસ્થાઓ, અંજુમન-એ-ઈસ્લામ અને બહાઉદ્દીનભાઈ મદરેસા,ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક, જાન્યુ-જૂન, ૨૦૦૯, પૃ.૫૨,૫૩.
- રૂબરૂ મુલાકાત- અહેમદ સિંધી (ધી ઇકબાલ યુનિયન હાઇસ્કુલ-ગોધરા ના ૧૯૪૫ ના વર્ષ વિદ્યાર્થી અને રસુલ મૂસાસિંધી ના પુત્ર), સપ્ટેમ્બર ૨૦૨૧
- સુવેનીયર પ્લેટીનમ જ્યુબીલી (૧૯૩૬-૨૦૧૧), ધી સુરત ડિસ્ટ્રીકટ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુરત, ૨૦૧૧.
- Anjuman-E-Islam, Ahmedabad, Centenary Celebration, 1884-1984માં સૈયદ જબ્બાર હુસેનનો લેખ.